सत्यमेव जयते

**<u>મોડાસાના મે. ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ શ્રી પી.એસ.રાઠોડ સાહેબની</u>**

**<u>કોર્ટમાં, મુ. મોડાસા–અરવલ્લી.</u>**

ક્રિ.પ.અરજ નં:–૩૩૦/૨૦૨૬

મોડાસા ટાઉન પો. સ્ટે.ગુ.ર.નં:–૧૧૧૮૮૦૦૯૨૬૦૩૩૧/૨૦૨૬

આંક :–

ફેસલ તા.–૧૫/૦૭/૨૦૨૬

**અરજદાર:–** ચંદ્રકાન્ત જેઠાનંદ સીન્ધી ઉ.વ.આ. ૫૦,
ધંધો–વેપાર, રહે–પાવર હાઉસની સામે શામળાજી રોડ,
જુની દેના બેન્કની પાછળ મોડાસા,
તા.મોડાસા, જી.અરવલ્લી.

**વિરૂધ્ધ**

**સામાવાળા:–** શ્રી સરકાર.

<u>–:પક્ષકારો તરફે વિ. ધારાશાસ્ત્રી:–</u>

અરજદાર તરફે વિ. ધારાશાસ્ત્રી શ્રી એમ.એસ.પટેલ

સામાવાળા તરફે વિ. પ્રોસીકયુટર શ્રી આર.સી. સોલંકી

CHIEF JUDICIAL MAGISTRATE COURT * ARVALLI @ MODASA *

**<u>ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા–૨૦૨૩ની કલમ–૪૯૮ મુજબ મુદ્દામાલ</u>**

**<u>પરત મેળવવાની અરજી તળે હુકમ</u>**

(૧) અરજી વંચાણે લીધી, સાંભળ્યા, આ કામમાં મોડાસા ટાઉન પોલીસ સ્ટેશન ગુ.ર.નં– ૧૧૧૮૮૦૦૯૨૬૦૩૩૧/૨૦૨૬ મુજબના ગુનાના કામે અરજદારની **હીરો સુપર સ્પ્લેન્ડર મોટરસાયકલ નં .જી.જે.–૨૭–સી.એચ.–૬૨૦૬** જેનો **એન્જીન નંબર– JA06EHJ9G03462 જેનો ચેચીસ નંબર–**

**MBLJAR163J9G04697** જે કોઈ અજાણ્યો ચોર ઈસમ ચોરી કરી લઈ જઈ ગુનો કરેલાની હકિકત જણાઈ આવે છે. જે મુદ્દામાલ લાંબા સમય સુધી મોડાસા ટાઉન પોલીસ સ્ટેશનમાં પડી રહેલ હોય આ મુદ્દામાલ વાહન પરત મેળવવા સારૂ અરજી રજુ કરેલ છે.

(૨) હાલની અરજી રજૂ થતા, ત.ક.અ.શ્રીને પોતાનો અભિપ્રાય, મુદ્દામાલ કબજે કર્યાના પંચનામાની નકલ તથા મુદ્દામાલ પાવતીની નકલ સાથે રજૂ કરવાનો હુકમ કરવામાં આવતા, ત.ક.અ.શ્રીએ પોતાનો અભિપ્રાય રજૂ કરેલ છે અને પોતાના અભિપ્રાયમાં તેઓએ જણાવેલ છે કે, '' ઉપરોકત જણાવેલ મોટરસાઈકલ અજાણ્યો ચોર ઈસમ ચોરી કરી લઈ જઈ ગુનો કરેલ છે. જે ઉપરોકત મુદ્દામાલ વાહન ગઈ તા.૩૦/૦૪/૨૦૨૬ના રોજ બીનવારસી હાલતમાં મળી આવતા મોડાસા ટાઉન પો.સ્ટે. કબ્જે લીધેલ છે. જે પરત મેળવવા સારૂ નામ. કોર્ટમાં અરજી કરેલ હોય જે કબ્જે કરેલ મુદ્દામાલ વાહનનો તેના મૂળ માલિકને પરત સોંપવામાં આવે તો અત્રેથી કંઈ વાંધા સરખુ નથી.

(૩) સરકાર પક્ષે વિ.એ.પી.પી.શ્રીનાઓને સાંભળ્યા. તેઓએ પોતાનો શેરો કરીને રજૂઆત કરતા જણાવેલ છે કે, ''મહે.સાહેબશ્રી ત.ક.અમલદારનો અભિપ્રાય તથા અરજી અને સાથે રજૂ થયેલ સાધનીક દસ્તાવેજો ધ્યાને લઈને યોગ્ય થવા સારૂ હુકમ થવા મે. થશે.''

(૪) આ કામમા અરજીની હકીકત પક્ષકારની રજુઆત અને રજુ થયેલ દસ્તાવેજી પુરાવાઓ ધ્યાને લીધા. મોડાસા ટાઉન પોલીસ સ્ટેશન ગુ.ર.નં– ૧૧૧૮૮૦૦૯૨૬૦૩૩૧/૨૦૨૬ મુજબના ગુનાના કામે અરજદારની **હીરો સુપર સ્પ્લેન્ડર મોટરસાયકલ નં .જી.જે.–૨૭–સી.એચ.–૬૨૦૬** જેનો **એન્જીન નંબર–**

CHIEF JUDICIAL MAGISTRATE COURT ARVALLI @ MODASA

**JA06EHJ9G03462** જેનો ચેચીસ નંબર– **MBLJAR163J9G04697** વાહન કબજે કરવામાં આવેલ છે. આ કામે અરજદાર તર્ફે કબજે થયેલ મુદ્દામાલ વાહનની આર.સી.બુકની નકલ રજુ રાખેલ છે તેમજ અરજદારના આધારકાર્ડની નકલ રજુ રાખેલ છે. વધુમાં તપાસ કરનાર અમલદારનો અભિપ્રાય રજુ રાખેલ છે જે ધ્યાને લીધેલ છે. આ તમામ દસ્તાવેજી પુરાવાઓ  વંચાણે લેતા કબજે થયેલ મુદ્દામાલ વાહન અરજદારની માલીકી કબજા ભોગવટાનું હોવાનું અને અરજદાર તેના માલીક હોવાનું હાલના તબકકે પ્રથમ દર્શનીય રીતે ફલીત થાય છે અને હાલના તબકકે વાહનની માલીકી અંગે આજદીન સુધી અન્ય કોઈ વ્યકિત દવારા કોઈ કલેમ કરવામાં આવેલ નથી તેમજ આ કામે તપાસ કરનાર અમલદારનો અભિપ્રાય વંચાણે લીધો. વધુમાં આ કામે સુંદરલાલ અંબાલાલ દેસાઈ વિરૂઘ્ધ સ્ટેટ ઓફ ગુજરાત ૨૦૦૩(૧) જી.એલ.એચ. પાન નં .૩૦૭માં નામદાર સુપ્રિમ અદાલત દવારા એવો સિંઘ્ધાંત પ્રસ્થાપિત કરવામાં આવેલ છે કે ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ–૪૯૭ મુજબ ન્યાયિક રીતે અને ઝડપથી અમલ કરવા ઉપર ભાર મુકેલ છે. જેથી પોલીસ સ્ટેશનમાં રાખી મુકેલ મુદ્દામાલ બને તે રીતે ત્વરીત નિકાલ કરવો જોઈએ . આમ આ કામમાં કબજે કરવામાં આવેલ મુદ્દામાલ વાહન છે અને લાંબા સમય સુધી રાખી મુકવામાં આવે તો યાંત્રિક ખામી ઉદભવે તેમ છે. તેમજ મુદ્દામાલ વાહન અરજદારની રોજીંદી પ્રવૃતિનું તથા રોજગારીનું સાધન છે આ તમામ હકીકત અને સંજોગો ઘ્યાને લેતા ન્યાયના વિશાળ હિતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

CHIEF JUDICIAL MAGISTRATE COURT * ARVALLI @ MODASA *

**-: હુકમ :-**

અરજદારની અરજી ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ-૪૯૭ હેઠળ નીચેની શરતોને આધિન અંશત: મંજુર કરવાનો હુકમ કરવામાં આવે છે અને અરજદારની કબજે થયેલ મુદ્દામાલ **હીરો સુપર સ્પ્લેન્ડર મોટરસાયકલ નં .જી.જે.-૨૭-સી.એચ.-૬૨૦૬** જેનો **એન્જીન નંબર-JA06EHJ9G03462 જેનો ચેચીસ નંબર-MBLJAR163J9G04697**નો છે તે અરજદાર :ચંદ્રકાન્ત જેઠાનંદ સીન્ધી ઉ.વ.આ. ૫૦, રહે-પાવર હાઉસની સામે શામળાજી રોડ, જુની દેના બેન્કની પાછળ મોડાસા, તા.મોડાસા, જી.અરવલ્લીનાઓને પંચનામામાં જણાવેલ મોટર સાયકલની કિંમતથી દોઢી રકમના જામીન તથા તેટલી જ રકમનો જાત મુચરકો સંબંધિત પોલીસ સ્ટેશનમાં રજુ કર્યેથી અન્ય કોઈ ગુન્હાના કામે જરૂર ન હોય તો વચગાળાની કસ્ટડીથી નીચેની શરતોને આધીન પરત સોંપી આપવાનો હુકમ કરવામાં આવે છે.

**શરતો:-**

(૧) અરજદારે મુદ્દામાલ વાહન આ કેસના આખરી નીકાલ થતા સુધી વેચાણ, ગીરો, બક્ષીસ, કે અન્ય કોઈ રીતે અન્ય કોઈને તબદીલ કે હસ્તાંતર કરવો, કરાવવો નહી.

(૨) અરજદારે મુદ્દામાલ વાહનનો કોઈ ગુનાહીત પ્રવૃતિમાં ઉપયોગ કરવો કરાવવો નહી.

(૩) અરજદારે મુદ્દામાલ વાહન નામદાર કોર્ટ જયારે ફરમાવે ત્યારે પોતાના સ્વખર્ચે રજુ કરવો.

(૪) અરજદારે મુદ્દામાલ વાહનની મુળ સ્થિતિમાં કોઈ ફેરફાર કરવો, કરાવવો નહી.

(૫) તપાસ કરનાર અમલદારે અરજદારના ખર્ચે મુદ્દામાલ વાહનના ચારે બાજુથી ફોટોગ્રાફ લેવા અને તપાસના કામે સામેલ રાખવા.

(૬) અરજદારે ઉપરોકત શરતો પૈકી કોઈ પણ શરતનો ભંગ કરે તો અને/અગર તો મુદ્દામાલ વાહનની માલીકી અન્ય કોઈએ પુરાવાર કર્યેથી મુદ્દામાલ અને/અગર તો જામીનગીરીની રકમ અદાલતમાં જમા કરાવવાની રહેશે.

અરજદારે મુદ્દામાલ ના જામીન તથા લગત બોન્ડ સંબંધિત પોલીસ સ્ટેશનમાં રજુ કરવા.

હુકમ મુજબ યાદી કરવી.

CHIEF JUDICIAL MAGISTRATE COURT ARVALLI @ MODASA

ઉપરોકત હુકમ આજ તારીખ **:૧૫**મી, માહે**:જુલાઈ,** સને**:૨૦૨૬**ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી, સહી કરી જાહેર કર્યો.

| | |
|---|---|
| સ્થળ : મોડાસા. | **( પુષ્પેન્દ્રસિંહ રાઠૌડ )** |
| તારીખ :૧૫/૦૭/૨૦૨૬ | ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ, મોડાસા. |
| S.J.RATHOD,PA | **કોડ નં. જી.જે. ૦૧૧૩૪** |

CHIEF JUDICIAL MAGISTRATE COURT * ARVALLI @ MODASA *